# ચૈતન્ય ડિજિટલ ન્યૂઝલેટર ભાગ 01 અંક 02

**DSPPL Devrukh** <info.dsppl@gmail.com>
To: DSPPL Devrukh <Info.dsppl@gmail.com>

Tue, Aug 2, 2022 at 4:53 AM







<u>શું થવું તે નિષ્ફળતા નથી ?</u>

- પરીક્ષા પાસ ન કરવી એ નિષ્ફળતા નથી.
- ઇચ્છિત ગુણ ન મળવા એ નિષ્ફળતા નથી.
- ઇન્ટરવ્યુ ક્રેક ન કરવું (માં સફળ ન થવું )એ નિષ્ફળતા નથી.
- ઇચ્છિત પ્રમોશન ન મળવું એ નિષ્ફળતા નથી.
- સંબંધ (રિલેશનશીપ) માટે વ્યક્તિ (મા-બાપ કે અન્ય)પાસેથી સંમતિ ન મળવી એ નિષ્ફળતા નથી.
- ઇચ્છિત પૈસા ન કમાવવા એ નિષ્ફળતા નથી.
- લક્ષ્યને પ્રાપ્ત ન કરવું એ નિષ્ફળતા નથી.

<u>આપણે આવું કેમ કહીએ છીએ?</u>

નિષ્ફળતા શબ્દને "અપેક્ષિત અથવા જરૂરી (હાથ ધરેલા) કાર્ય ની અવગણના કરવી અથવા કાર્યને પડતું મૂકવું" તરીકે યોગ્ય રીતે વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે.

મૂળભૂત રીતે, ઉપરોક્ત તમામ ઘટનાઓ જીવનની પરિસ્થિતિઓ છે, જે બીજું કાંઇ નહિ પરંતુ આપણી પોતાની ક્રિયાઓનું જ પરિણામ છે. આપણે નિશ્ચિત પરિણામ કે નિષ્કર્ષ ઇચ્છતા હતા પરંતુ આપણી ક્રિયાઓ આપણા ઇચ્છવા મુજબ અનુરૂપ અથવા સુસંગત ન હતી.
તેથી આપણે ઇચ્છતા હોવા છતાં, આપણે તેને લાયક નહોતા; તેથી આપણે અનિચ્છનીય પરિણામ મળ્યું , જેને આપણે "નિષ્ફળતા" તરીકે ઓળખીએ છીએ.
તેથી, ગાણિતિક રીતે તેને નીચે મુજબ મૂકી શકાય :

ઈચ્છા + અ-યોગ્ય પ્રયત્નો = અનિચ્છનીય પરિણામ / નિષ્કર્ષ (એટલે કે, નિષ્ફળતા)

જો આપણે આવું બને તેમ ઈચ્છતા ન હોઇએ તો ઈચ્છા અને ઈચ્છિત પરિણામ (સફળતા)નું સમીકરણ નીચે મુજબ બેસે :

ઇચ્છા + યોગ્ય પ્રયત્નો = ઇચ્છિત પરિણામ (સફળતા)

આપણે બધા આ તો જાણીએ છીએ, ખરું ને?
તેથી, અગર કોઈ કહે , "તે એટલું સરળ નથી. આપણે બધા આ જાણીએ છીએ. પરંતુ આની પરે પણ કંઈક છે. આપણા સખત પ્રયત્નો છતાં, પરિણામ અનિચ્છનીય હોઈ શકે છે. જેમ કે, તે "નિયતિ" છે ! તેને તમે હરાવી કે હંફાવી શકતા નથી. "

આ પાયાના પ્રશ્નનો જવાબ લગભગ તમામ સંતોએ આપ્યો છે. મને અહીં ટાંકવા દો કે આ ઘટના અંબુરાવ મહારાજના સમયે બની હતી. નિમાર્ગી પરંપરામાં તેઓ મહાન સંત હતા. અંબુરાવ મહારાજ, ગુરુદેવ રાનડેના ગુરુબંધુ, સંત અને આંતરરાષ્ટ્રીય સ્તરે બિરદાવાયેલી ફિલસૂફી (દાર્શનિક) પ્રતિભા ધરાવતા હતા.

એક સાધક અંબુરાવ મહારાજ પાસે ગયો અને તેમને પૂછ્યું, “વધુ મહત્વનું શું છે, પ્રયત્નો (ક્રિયાઓ અથવા કર્મ) કે નિયતિ (પ્રારબ્ધ / ભાગ્ય )? તમે ઘણા લોકો જોશો કે તેઓ સખત મહેનત કરે છે, પરંતુ તેમના ભાગ્યને કારણે કોઈ સફળતા મળી નથી અથવા ખૂબ જ ઓછી સફળતા મળી છે , જ્યારે આપણે થોડા અન્ય લોકોને જોઇએ તો - જેઓ ખૂબ ઓછા પ્રયત્નોથી ખૂબ જ ઊંચી સફળતા મેળવે છે. તો આપણે શું માનવું જોઇએ? કર્મ મહત્વનું કે પ્રારબ્ધ?”
અંબુરાવ મહારાજે તરતજ જવાબ આપ્યો “ન તો એકલા પ્રયત્નો મહત્વના છે કે ન તો એકલું ભાગ્ય; બંને ભ્રમ છે. સૌથી મહત્વની છે ઈશ્વરની ઈચ્છા!”
સાધકે આગળ પૂછ્યું , "અને આપણે તે કેવી રીતે જાણી શકીએ?" ગુરુદેવ રાનડેએ પછી સાધકને સમજાવ્યું કે “આપણે આ પ્રશ્નના ઉત્તર માટે ત્રણ બાબતો સમજવી પડે –
પહેલો અભિગમ છે, “તમારા વધતા જતા પ્રયત્નો અને તમારા પર ઉતરતી (પ્રભુની) કૃપા, એટલે કે, તમારા પ્રયત્નોના સમાન પ્રમાણમાં ભગવાન તમને આશીર્વાદ આપશે”, બીજો અભિગમ છે, “સફળતા એ પ્રયત્નો વત્તા કશુંક છે, અને તે કશુંક તે (ઈશ્વરીય)કૃપા.”, પરંતુ આ બાબત જાણવાનો સૌથી શુદ્ધ અભિગમ એ હોઈ શકે કે ઈશ્વરની કૃપા વિના કશું કરી શકાતું નથી, કે પ્રાપ્ત થઈ શકતું નથી.”

આ વાત દરેક જણ વારંવાર કહેતા હોય છે, પણ સમર્થ સ્વામી રામદાસ કહે છે કે :

"તમે જે કાંઇ કરો, તેમાં તમારું સામર્થ્ય ભલે હોય ,
પરંતુ તેમાં ભગવાનનો વાસ (કૃપા) હોવો જોઇએ."

અથવા એમ કહી શકાય કે "જ્યારે તમને તમારો રસ્તો મળી જાય ,પછી તમારે ડરવું જોઇએ નહીં. તમારી પાસે ભૂલો કરવા માટે પૂરતી હિંમત હોવી જરૂરી છે. નિરાશા, હાર અને હતાશા એ એવાં ઓજારો છે જેનો ઉપયોગ ભગવાન આપણને માર્ગ બતાવવા માટે કરે છે." - પાઉલો કોએલ્હો, ધ ઍલ્કેમિસ્ટના લેખક

તેથી, ઇચ્છાને લાયક બનવા માટે સતત વધુ ને વધુ પ્રયત્નો ચાલુ રાખવામાં આવે, જેથી આપણે સફળતાની ચાવી માટે ભગવાનની કૃપાને આમંત્રિત કરી શકીએ. આપણી ક્ષમતામાં જે છે તેના પર જ આપણે વધુ ને વધુ ધ્યાન કેન્દ્રિત કરીએ : "કર્મમાં જ આપણો અધિકાર (છે) !"
"અપયશ જ યશનું પહેલું પગથીયું છે,
જે માનીને ચાલ્યા કર, ફરી નવેસરથી (તે કાર્યની)તૈયારી કર."

"આયુષ્યની (જિંદગીની) આ રમતમાં હાર પછી જ જીત છે,
તેથી ક્યારેક તો અપયશનો (નિષ્ફળતાનો) સમય આવશે જ !"

"તમે કંટાળીને બેસી જશો નહિ ,કે થાકી પણ જશો નહિ ,
અપયશ પછી યશ મળવાનું નક્કી જ છે."
તમે તમારી સાથે છો, બીજું કોઇ નથી,
જો તમારું કર્મ સાચું હોય, તો તમે રાજા છો!

ગુજરાતી અનુવાદ: હરેશભાઇ શુક્લ, અમદાવાદ




**DSPPLના પ્રિય વિદ્યાર્થીઓ, અને મારા યુવા મિત્રો,**

માળા શું છે અને તેમાં 108 મણકા શા માટે છે? સૌથી ઉપર ગુરુ મણકો અથવા બિંદુ મણકો (શા માટે) છે. આ પ્રશ્નના ઘણા જવાબો છે. ચાલો, કેટલાક જવાબો મેળવવા પ્રયાસ કરીએ.

માળા એ ધ્યાનના સ્વરૂપ તરીકે એકસો આઠના આવર્તનમાં સંસ્કૃત મંત્રોની ગણતરી કરવા માટે ઉપયોગમાં લેવાતા મણકાની દોરી છે. યોગિક પરંપરામાં ધ્યાન કરતી વખતે મંત્રજાપ કરવામાં મણકાનો ઉપયોગ થાય છે. મંત્રના એકસો આઠ પુનરાવર્તનોનું સંપૂર્ણ ચક્ર માળા પર ગણવામાં આવે છે, કે જેથી સાધક જે કહેવામાં આવેલા (નિયત કરેલા) ધ્વનિઓ , આંદોલન અને અર્થ પર ધ્યાન કેન્દ્રિત કરી શકે. એકસો નવમો મણકો જે માળાની સૌથી ઉપર રહેલો હોય છે તેને સુમેરુ, બિંદુ સ્તૂપ અથવા ગુરુ મણકો કહેવામાં આવે છે ( જે ઘણી વખત તે ગુરુનું પ્રતીક પણ હોય, કે જેમની પાસેથી વિદ્યાર્થીએ ગુરુ-શિષ્ય સંબંધનો આદર કરતાં માળા કે મંત્ર મેળવ્યો હોય ). તેની ગણતરી ક્યારેય આવર્તનોમાં કરવામાં આવતી નથી; પરંતુ તેનો ઉપયોગ મણકાઓના ચક્રની શરૂઆત અને અંત દર્શાવવા માર્કર (સ્થિતિસૂચક નિશાની) તરીકે થાય છે.

તો શા માટે 108 પુનરાવર્તનો? સંખ્યા એકસો આઠ વિવિધ જ્યોતિષીય, દાર્શનિક, વૈજ્ઞાનિક અને ધાર્મિક માન્યતાઓમાં અમર્યાદિત અર્થ ધરાવે છે; તેમાંના કેટલાક સૌથી રસપ્રદ નીચે મુજબ

છે:

**જ્યોતિષ:** 12 નક્ષત્રો અને 9 ચાપ વિભાગો છે. 12 ઘર અને 9 ગ્રહો છે. આમ, 12 x 9 = 108.

**સંસ્કૃત** ભાષામાં 54 વર્ણો (અક્ષરો)છે. દરેક વર્ણ (અક્ષર)માં પુરૂષવાચી પ્રતિભાગ (શિવ) અને સ્ત્રીની (શક્તિ) ઊર્જા હોય છે, આમ, 54 x 2 = 108

**હ્રદય ચક્ર** : ચક્રો ઊર્જા-રેખાઓના આંતરછેદ છે, અને કહેવાય છે કે કુલ 108 ઊર્જા રેખાઓ હ્રદય ચક્ર બનાવવા માટે એક કેન્દ્ર આગળ આવી મળે છે; તેમાંથી એક સુષુમ્ણા નાડી ક્રાઉન (મુગટ) ચક્ર તરફ દોરી જાય છે, અને તે આત્મ-સાક્ષાત્કારનો માર્ગ કહેવાય છે.

**સૂર્ય અને પૃથ્વી:** સૂર્યનો વ્યાસ પૃથ્વીના વ્યાસ કરતાં 108 ગણો છે. સૂર્યથી પૃથ્વીનું અંતર સૂર્યના વ્યાસ કરતાં 108 ગણું છે.

**ચંદ્ર અને પૃથ્વી:** પૃથ્વીથી ચંદ્રનું સરેરાશ અંતર ચંદ્રના વ્યાસ કરતાં 108 ગણું છે.
આયુર્વેદમાં : 108 'મર્મ' બિંદુઓ છે જે જીવંત માણસોને જીવન આપવા માટે મહત્વપૂર્ણ છે.

**ગણિતમાં** 1,2 અને 3 ની શક્તિઓ:
અંક 1 થી 1 લી(પહેલી) ઘાત = 1
અંક 2 થી 2જી (બીજી) ઘાત = 4 ( 2 x 2 )
અંક 3 થી 3જી (ત્રીજી) ઘાત = 27 ( 3 x 3 x 3)
1 x 4 x 27 = 108

**તંત્ર**: તંત્રમાં એવો અંદાજ છે કે દરરોજ આપણે 21600 વખત શ્વાસ લઈએ છીએ જેમાંથી 10800 સૌર ઉર્જા અને 10800 ચંદ્ર ઉર્જા છે. આ 108 x 100 છે.

**નાટ્ય શાસ્ત્ર**: પ્રસિદ્ધ ઋષિ ભરતે 'નાટ્ય શાસ્ત્ર' લખ્યું જેમાં 108 કરણ છે (હાથ અને પગની હિલચાલ દ્વારા તાંડવના 108 મુદ્રાઓ)

**શ્રી યંત્ર**: શ્રી યંત્ર પર એવા મર્મો છે જ્યાં ત્રણ રેખાઓ છેદે છે અને આવા 54 છેદન છે. દરેક આંતરછેદમાં પુરૂષવાચી અને સ્ત્રીને લગતા ગુણો હોય છે. 54 x 2 = 108. આમ, 108 બિંદુઓ છે જે શ્રી યંત્ર તેમજ માનવ શરીરને વ્યાખ્યાયિત કરે છે.

**1,0 અને 8** : કેટલાક કહે છે કે 1 નો અર્થ ભગવાન અથવા ઉચ્ચ સત્ય છે, 0 નો અર્થ આધ્યાત્મિક અભ્યાસમાં ખાલીપણું અથવા પૂર્ણતા છે, અને 8 નો અર્થ અનંતતા (આનન્ત્ય) અથવા શાશ્વતી ( શાશ્વતતા ) છે.

**રાશિચક્ર** : દરેક રાશિમાં કુલ 9 પદ હોય છે. 12 રાશિઓ છે. S0 12 x 9 = 108.
**પ્રાણાયામ**: જો કોઇ વ્યક્તિ દિવસમાં માત્ર 108 શ્વાસ લે તેટલા ધ્યાનથી શાંત થઈ શકે, તો તેને જ્ઞાન પ્રાપ્ત થશે.

આ વાતનું સમાપન કરીએ તો , 108 એ દિવ્યતાની અખિલાઈ, અશેષ પૂર્ણતા દર્શાવે છે. તે સમગ્ર (અસ્તિત્વ) ને પૂર્ણ કરે છે.

ગુજરાતી અનુવાદ: હરેશભાઇ શુક્લ, અમદાવાદ




**અમારા યુવાન સ્વપ્નદૃષ્ટાઓ અને અભિલાષીઓ ! શ્રી સુનિલ કુલકર્ણી** એક અનુભવ થી ધનવાન અને સમૃદ્ધ વ્યક્તિત્વ ધરાવતી વ્યક્તિ છે. તેમનો ચાલીસથી વધારે વર્ષનો ઉદ્યોગનો અનુભવ છે. તેઓ અપાર સારા ગુણોથી સમૃદ્ધ છે, જે તમે બધા, હાલના તમારા વિદ્યાર્થી જીવનમાં તેમની પાસેથી શીખી શકો છો.

આપણે જેમને સુનીલજીના હુલામણા નામથી ઓળખીએ છીએ, તેમણે મહિન્દ્રા ગ્રૂપ સાથે ચાલીસ કરતાં પણ વધારે વર્ષ સુધી વિવિધ વરિષ્ઠ ભૂમિકાઓમાં કામ કર્યું, અને તેઓ ઓક્ટોબર 2020માં મહિન્દ્રા કાંદિવલી-મુંબઈ કાર ઉત્પાદન સુવિધાના પ્લાન્ટ હેડ તરીકે નિવૃત્ત થયા. ઉંમરથી, તે તમારા બધાની જેમ જ એક સ્વપ્નદૃષ્ટા જ હતા . તેમને માટે સતારા, મહારાષ્ટ્ર પાસેના એક નાનકડા ગામમાંથી આવીને યોગ્ય શિક્ષણ મેળવવું એ એક પડકાર જ હતો. એન્જિનિયર બનવામાં અને ઓટોમોબાઈલ ઉદ્યોગમાં ઉજ્જવળ કારકિર્દી બનાવવાની તેમની સફળતા એ હકીકતનું પ્રમાણ છે કે નિશ્ચય અને સખત મહેનત ચોક્કસપણે ફળદાયી નીવડે છે.

તાજેતરમાં, તેમની વડોદરા મુલાકાત દરમિયાન, અમને તેમની સાથે વાતચીત કરવાની તક મળી. અહીં એ મુલાકાતના કેટલાક અંશો મૂક્યા છે :

**પ્રશ્ન : સુનિલજી, આજની દુનિયામાં, કૌશલ્ય કે લાયકાત બન્નેમાંથી શેનું વજન (મહત્ત્વ) વધારે છે?**

**સુનીલ કુલકર્ણી** : કૌશલ્ય અને લાયકાત બંને સમાન મહત્વ ધરાવે છે. બંને ખૂબ જ આવશ્યક અને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, કારણ કે દરેકને બંનેની પુષ્કળ આવશ્યકતા છે. તમારી પાસે મોટી લાયકાત હોઈ શકે છે, પરંતુ જો તમારી પાસેથી જે અપેક્ષા રાખવામાં આવે છે તે લક્ષ્ય સુધી પહોંચાડવાની કુશળતા ન હોય, તો તમે તે લાયકાતનો ઉપયોગ કરી શકશો નહીં. તેવી જ રીતે, જીવનમાં તે મહત્વપૂર્ણ કુશળતાઓ મેળવવા , ખાસ કરીને સાંપ્રત સમયમાં બોર્ડ રૂમની કુશળતા પ્રાપ્ત કરવા માટે, જો તમારી પાસે યોગ્ય લાયકાત નથી, તો તમે તે લક્ષ્ય સિદ્ધ કરી શકશો નહીં. તેથી, હું વિદ્યાર્થીઓને વિનંતી કરીશ કે કૌશલ્ય અને લાયકાત બંને સારી માત્રામાં જરૂરી છે.

**પ્રશ્ન : કારકિર્દીમાં કઈ રીતે સફળતા મેળવી શકાય અને તે માટે કઈ સોફ્ટ સ્કીલ્સ મહત્વપૂર્ણ છે? મહિન્દ્રામાં તમારા માટે ટેકનિકલ કૌશલ્યો અને લાયકાતની સાથે, એવી કઈ સોફ્ટ સ્કિલ હતી જેણે તમને સફળતાની સીડી ચઢવામાં મદદ કરી?**

**સુનીલ કુલકર્ણી :** કોઈ પણ વ્યક્તિ પાસે બે પ્રકારની કુશળતા હોય છે - એક એવી હાર્ડ સ્કીલ કે જેની મદદથી તમે વસ્તુઓ બનાવી શકો છો, અમુક સાધનો (યંત્રો) ચલાવી શકો છો અથવા સારી રીતે રમત રમી શકો છો. સોફ્ટ સ્કિલ એટલી જ મહત્વપૂર્ણ અને આવશ્યક છે, કારણ કે ભારત સેવાક્ષેત્ર તરફ આગળ વધી રહ્યું છે. તેમાંથી સૌથી મહત્વની બાબત એ છે કે તમે સારી પ્રત્યાયન (વાતચીત) કરી શકો . જો કે તે ખૂબ જ વિશાળ વિષય છે, પરંતુ પ્રત્યાયનના ઘટકોને સમજી લેવાં અત્યંત મહત્વપૂર્ણ છે. યોગ્ય સંદેશાવ્યવહારમાં સમાવેશ થાય છે : 1. તમે જે બાબત વિશે વાતચીત કરવા માગતા હો, તેના વિશે તમારી પાસે યોગ્ય સામગ્રી હોવી જોઈએ.

તે ખૂબ જ ટૂંકી અને મુદ્દાસરની હોવી જોઈએ. 2. બાબત પ્રસ્તુતિની રીત - જો તમે તમારી વાત અસરકારક રીતે મૂકવા માગતા હો, તો તમે તમારા શ્રોતાઓનું ધ્યાન જકડી કરવા અને તેને ટકાવી રાખવા માટે સમર્થ હોવા જોઈએ. દા.ત. :, જ્યારે તમે તમારા પ્રેઝન્ટેશનનો પ્રારંભ કરો છો ત્યારે તે તમારા સાથી વિદ્યાર્થીઓ અથવા શિક્ષકોની સામે કરો; આ રીતે કરવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. એક રીત એ છે કે તમારી પ્રારંભિક રજૂઆતને રસપ્રદ બનાવવા તેને કોઈ એક વાર્તા સાથે જોડો. નાની સકારાત્મક ઘટના અથવા વાર્તાથી પ્રારંભ કરવાથી મોટી અસર ઊભી કરવામાં મદદ મળી શકે છે. 3. ડિક્શન - જો તમે શ્રોતાઓના મન પરથી કદીય ન ભુંસાય એવી છાપ ન છોડી શકવાના હો, તો તમે એક બિનઅસરકારક વાતચીત કરનાર બનીને રહી જશો (હંમેશ માટે ભૂલી જશો). મહાન કોમ્યુનિકેટર્સ પાસે કનેક્ટ થવાનું અદભૂત કૌશલ, લોકોનું એકાગ્ર ધ્યાન ખેંચવાની ક્ષમતા અને યોગ્ય સમયે યોગ્ય રજૂઆત કરવાની વિશેષ ક્ષમતા હોય છે. છેલ્લે, ખૂબ જ મહત્વપૂર્ણ પાસું એ છે કે તમે તમારા સંવાદનું સમાપન કરવામાં માહેર હોવા જોઈએ. તેને ઓપન-એન્ડેડ (અગાઉથી નક્કી કર્યા વગરનું ) ન છોડો. તમે આગળ શું કરવા માંગો છો, વગેરે સંદર્ભ સાથે તેનું સમાપન કરો.

**પ્રશ્ન : વિશ્વ જે ક્ષેત્રો તરફ આગળ વધી રહ્યું છે તે ત્રણ ક્ષેત્રો કયાં છે? અથવા બીજા શબ્દોમાં કહીએ તો, ભવિષ્યને જોતાં અમારા વિદ્યાર્થીઓ માટે કયાં ત્રણ ક્ષેત્રો સારી કારકિર્દીની પસંદગી બની શકે છે?**

**સુનીલ કુલકર્ણી :** હું જયારે મેન્યુફેક્ચરિંગ ઇન્ડસ્ટ્રી ક્ષેત્ર - ઓટોમોબાઇલ અને મિકેનિકલ એન્જિનિયરિંગ - માંથી આવું છું ત્યારે મને લાગે છે કે સમગ્ર વિશ્વ વૈકલ્પિક ઇંધણ, વૈકલ્પિક સામગ્રી અને કંઈક જે સિમ્યુલેશન (બનાવટી) છે - ખાસ કરીને ઇન્ડસ્ટ્રી 4.0 - એ ક્રાંતિ તરફ આગળ વધી રહ્યું છે. વૈકલ્પિક ઇંધણ વિજ્ઞાન અને ટેકનોલોજી સાથે જોડાયેલ છે અને તેમાં હાઇડ્રોજન ઇંધણ, ક્રાયોજેનિક ઇંધણ, ઇલેક્ટ્રિક eV વાહનો, વગેરેનો સમાવેશ થાય છે. આ ક્ષેત્ર આગામી ઓછામાં ઓછા વીસથી વધુ વર્ષ માટે કારકિર્દી પસંદ કરવા મહત્વપૂર્ણ રહેશે . કોરિયા જેવા નાના દેશો અથવા જાપાન જેવા અદ્યતન દેશો પાસેથી શીખવામાં કોઈએ સંકોચ ન કરવો જોઈએ, તેઓએ આ ક્ષેત્રમાં સારા પ્રમાણમાં સંશોધન કર્યું છે. વૈકલ્પિક સામગ્રી - તે દિવસો ગયા જ્યારે કોઈ પણ વસ્તુ બનાવવામાં ધાતુનો ઉપયોગ થતો હતો, આજે મોટાભાગની વસ્તુઓ પ્લાસ્ટિકના રૂપમાં આવી રહી છે, પ્લાસ્ટીક ઉત્પાદનને પોતાના ઉપદ્રવ અને મર્યાદાઓ છે, તેથી ઓગળવાની ક્ષમતા ધરાવતા પ્લાસ્ટિકને વિકસિત કરવા માટેની દિશામાં આજે ટેકનોલોજી ખૂબ જ ઝડપથી આગળ વધી રહી છે. આપણે તેને યોગ્ય રીતે સમજી લઈએ, તેને શીખી લઈએ અને તેને મોટા પાયે વપરાશ/નિર્માણ/ઉત્પાદન તરફ લઈ જઈએ, તેવું સર્જન કરવામાં ઓછામાં ઓછાં 20 વર્ષ લાગશે. આપણે ઘણા સારા ઉત્પાદનોનો વિકાસ કરી શકીએ છીએ અને આપણા પર્યાવરણને મદદ કરી શકીએ છીએ. ત્રીજી બાબત કે જેનો મેં અગાઉ ઉલ્લેખ કર્યો તે સિમ્યુલેશન્સ (ના જેવું તૈયાર કરવું) છે: તે દિવસો ગયા જ્યારે આપણે મેન્યુફેક્ચરિંગ અથવા ઓટોમોબાઈલ અથવા અન્ય કોઈપણ ક્ષેત્રોમાં પ્રોટોટાઈપિંગ કરતા હતા. આપણું ઇન્ડસ્ટ્રી 4.0 નું જ્ઞાન આપણને ઉત્પાદન ક્ષેત્રની બહાર લઈ જઈ શકે છે; પછી તે હોટેલ ઉદ્યોગ કે વેચાણ અને સેવા ઉદ્યોગમાં પણ હોઈ શકે છે. આ ત્રણ ખૂબ જ મહત્વપૂર્ણ છે. અને ચોથું એક, જેનો હું અહીં ઉલ્લેખ કરી રહ્યો છું: જ્યાં બહુ જ ઓછા લોકો કામ કરવાનું પસંદ કરે છે, તે છે પર્યાવરણ ક્ષેત્ર – વિશ્વમાં આપણું જીવન ટકાવી રાખવા માટે શ્રેષ્ઠ પ્રયાસો પ્રત્યે જાગૃતિ ફેલાવવી.

ક્રમશ:......

ગુજરાતી અનુવાદ: હરેશભાઇ શુક્લ, અમદાવાદ




**કોઈનું ભલું કરવું એ એકમાત્ર સુપરહીરો કાર્ય (વસ્તુ) નથી !**

ભલાઈનું કાર્ય કરવું, અસાધારણ રીતે કોઈને મદદ કરવી એ એકમાત્ર સુપરહીરો કાર્ય (વસ્તુ) નથી. આપણે બધા દરરોજ એક યાં બીજી પરિસ્થિતિનો સામનો કરીએ જ છીએ, જ્યાં આપણે કોઈને મદદ કરવા આગળ આવી શકીએ. સાર્વજનિક પરિસ્થિતિઓ, જેવી કે, એક અંધ વ્યક્તિ રસ્તો ઓળંગવાનો પ્રયાસ કરી રહી છે, કોઇ અજાણી વ્યક્તિ ખોવાઇ ગઇ છે અને રસ્તો પૂછી રહી છે; એક વૃદ્ધ વ્યક્તિ ભારે શોપિંગ બેગ ઉપાડીને ઘરે પરત ફરી રહ્યો છે, એક ગર્ભવતી મહિલા ભીડવાળી બસમાં સીટ શોધી રહી છે, વગેરે. આવી પરિસ્થિતિઓ દરમિયાન, તમારી સામે **બે પસંદગીઓ** આવે છે: કાં તો કરવું અથવા ન કરવું, કાં તો કાર્ય કરવા પ્રવૃત્ત થવું કે પીછેહઠ કરવી, કાં તો તે જરૂરિયાતવાળી વ્યક્તિને મદદ કરવા માટે એક ડગલું આગળ આવવું કે તેની સાહજિક ઉપેક્ષા કરવી . તમારા જેવા ઘણા હશે , કદાચ સેંકડોની સંખ્યામાં, જે તમારી જેમ જ આ પરિસ્થિતિને જોઈ રહ્યા હશે, પરંતુ આ ક્ષણે તમારી એ **પસંદગીની શક્તિ (power of choice)** છે, જ્યાં જો તમે તમારી આસપાસ થઈ રહેલા બકવાસને ટાળો છો અને જરૂરિયાતમંદ વ્યક્તિને મદદ કરવાનું પસંદ કરો છો, તો તમે આસપાસના અન્ય લોકો કરતા અલગ બનો છો. તે ક્ષણે તમે સુપરહીરો બનવાનું પસંદ કરો છો.

**ઑક્ટોબર 2019** માં એક દિવસ કંઈક આવું જ બન્યું, જ્યારે શ્રી રવિ કુમાર આંધ્ર પ્રદેશના કંડાકુરથી કાનીગીરી સુધી બસમાં મુસાફરી કરી રહ્યા હતા. જ્યારે તે તેના ગંતવ્ય સ્થાને બસમાંથી નીચે ઉતરી રહ્યા હતા , ત્યારે તેમણે કંડક્ટર અને ડ્રાઈવર વચ્ચે થતી વાતચીત સાંભળી. તેઓ કોઈકના ભૂલથી બસમાં રહી ગયેલા કેટલાક દસ્તાવેજો હાથ લાગ્યા હતા તે વિશે ચર્ચા કરી રહ્યા હતા. રવિએ જોયું કે ડ્રાઇવરે ફક્ત દસ્તાવેજોની ફાઇલ ડેશબોર્ડ પર મૂકી અને તે આગળની મુસાફરી માટે બસને હંકારી જવા માગતો હતો.

**રવિ કુમારની પસંદગીની પ્રથમ ક્ષણ** : તેમણે તે બંને લોકોને અટકાવ્યા અને પૂછ્યું કે શું તે પોતે દસ્તાવેજોના માલિકને શોધવામાં મદદ કરી શકે છે. જ્યારે રવિએ દસ્તાવેજો તપાસ્યા તો તેને ખબર પડી કે તે ફાઇલ કોઈ મહિલાની હતી, જે કોઈક સરકારી નોકરીમાં જોડાવા માગતી હતી. અને તેમાં તેનાં તમામ અસલ શિક્ષણ પ્રમાણપત્રો અને માર્કશીટ હતાં . મહિલા તેમને બસમાં ભૂલી ગઇ હતી. દસ્તાવેજો પર કોઈ સ્પષ્ટ ફોન નંબર કે સરનામું દર્શાવેલું નહોતું. રવિને ચિંતા થઇ કે જો તે મહિલાને તે દસ્તાવેજો સમયસર પહોચાડવામાં નહીં આવે, તો તેની નોકરીમાં જોડાવાની પ્રક્રિયા વિલંબિત થઈ શકે છે અથવા તે તેની નોકરી પણ ગુમાવી શકે છે.

**રવિકુમારની પસંદગીની બીજી ક્ષણ** : રવિ કદાચ સરળતાથી ડ્રાઇવરને તે દસ્તાવેજો બસ સ્ટેશન પરની ઑફિસમાં જમા કરાવવાનું કહી શક્યો હોત, કે જેથી જ્યારે તે મહિલા તપાસ કરવા આવે, ત્યારે તે તેને તે અગત્યના દસ્તાવેજો ત્યાંથી મળી શકે, પરંતુ તેના બદલે, રવિએ મદદ કરવાનું પસંદ કર્યું. દસ્તાવેજો તેના માલિક સુધી ઝડપથી પહોંચે તે જરૂરી હોવાનું તેને લાગ્યું. દસ્તાવેજો પર કોઈક કોલેજ અને શાળાના નામનો ઉલ્લેખ હતો. આ માહિતી સાથે, રવિને યાદ આવ્યું કે આ એ જ મહિલા હોવી જોઇએ જે બસમાંથી અલાવલાપાડુ નગરમાં ઉતરી

હતી. ત્યાં જ રવિનો એક પાક્કો દોસ્ત રહેતો હતો. તેણે તરત જ તેના પાક્કા દોસ્તને ફોન કર્યો, તેને ઘટના વિશે જાણ કરી અને માર્કશીટ પર જે શાળા/કોલેજનું નામ દર્શાવેલ હતું તેમાં તપાસ કરવા તેની મદદ માંગી. રવિએ પોતાનો મોબાઇલ નંબર લખી ઘણી બધી ચબરખીઓ બનાવી અને તે ચબરખીઓ તેણે તે બસના તમામ સહ-યાત્રીઓ, ડ્રાઈવર અને કંડકટરને આપી.

રવિકુમાર દસ્તાવેજો લઈને ઘરે ગયા . માત્ર બે કલાકમાં જ તે દસ્તાવેજો વિશે જાણવા રવિકુમારને તે મહિલાનો ફોન આવ્યો. તેણીએ રવિકુમારને કહ્યું કે બસની મુસાફરી દરમિયાન જ તેણી તે ફાઈલ બસમાં ભૂલી ગઈ હતી. રવિએ તેણીને બસ સ્ટેશન પર આવવા કહ્યું અને તેણે તમામ અસલ દસ્તાવેજો ધરાવતી ફાઇલ તેણીને પાછી આપી. મહિલાએ રાહતનો મોટો દમ લીધો.

આ વાર્તાનો હીરો રવિકુમાર મારો મિત્ર છે, તેથી જ્યારે મને ફેસબુક પોસ્ટ પરથી આ ઘટના વિશે જાણ થઈ, ત્યારે મેં તેને ફોન કર્યો અને ઘટના વિશે પૂછ્યું : તેણે મદદ કરવાનું કેમ પસંદ કર્યું? તેણીને મદદ કર્યા પછી તેને કેવું લાગ્યું? તેણે મને જે જણાવ્યું તે આ રહ્યું :
રવિકુમાર, “ જો કોઈ મને પૂછે કે તમે આ સમગ્ર ઘટનાની વ્યક્તિગત રીતે કાળજી કેમ લીધી, તો હું જણાવું કે તે ખરેખર **મારા સંપૂર્ણ આત્મસંતોષ માટે હતું.** મારા થોડાક પ્રયત્નોથી, સામેની વ્યક્તિને મોટો ફાયદો થવાનો હતો , કારણ કે તે કોઈ નાની સમસ્યા નહોતી. જો મેં પરિસ્થિતિને અવગણના કરી હોત કે અન્ય કોઈ તેણીને તે દસ્તાવેજો પાછા આપશે, તો એવી શક્યતાઓ હતી કે તેણીને તે સમયસર ન મળવાને કારણે તેણીને કદાચ તેની નોકરી ગુમાવવી પડી હોત અને તેણીને મોટું નુકસાન થાત . મૂળભૂત રીતે, હું ગામડાની પૃષ્ઠભૂમિનો છું, અને જ્યારે મેં દસ્તાવેજો પરથી જોયું કે તે મહિલા પણ મારી જેમ ગ્રામીણ પૃષ્ઠભૂમિની છે, ત્યારે મને લાગ્યું કે તેણે નોકરી મેળવવા માટે ઘણા પ્રયત્નો કર્યા હશે. તેથી મેં વિચાર્યું કે મારે તેણીને મદદ કરવી જોઈએ. જ્યારે મેં તેને દસ્તાવેજો આપ્યા, ત્યારે તે મને સતત ‘થેન્ક યુ સર, આભાર સર’ કહી રહી હતી. તેના માટે મને અત્યંત આનંદની લાગણી થઈ. મારે એજ કહેવાનું છે કે **મદદ કરવી જોઈએ કારણ કે તે માનવતાની મૂળભૂત ભાવના છે.** આપણે ફક્ત આપણા પરિવારની જ નહીં, પણ આપણા પડોશી (આસપાસના) લોકોની પણ કાળજી લેવી જોઈએ."

આ વાંચ્યા પછી હું તમને, અમારા યુવા વાચકોને, પૂછું છું કે, શું આ કાર્ય કોઈ પરાક્રમી કાર્યથી ઓછું છે? મારા માટે સૌથી મોટી ખુશીની ક્ષણ એ હતી કે જ્યારે મને પહેલવહેલી ખબર પડી કે મહિલા દસ્તાવેજો પાછા મેળવી કેટલી બધી ખુશ થઈ હતી . કલ્પના કરો : રવિકુમારને કેટલો બધો આત્મસંતોષનો અનુભવ થયો હશે! એ ક્ષણે, તેના મગજમાં કેટલું બધું એડ્રેનાલિન ધસી આવ્યું હશે! કંઈક સારું કર્યું હોવાની લાગણી અને એ ખુશીની લહેર! ઓહોહો ! મિત્રો, વિજ્ઞાન આને **'હેલ્પર્સ હાઇ' તરીકે ઓળખે છે - અન્યોને નિઃસ્વાર્થ સેવા આપ્યા પછીની સકારાત્મક લાગણીઓ!** આ માનસિક અવસ્થા આપણને ઉત્તમ સ્વાસ્થ્ય જાળવવામાં મદદ કરે છે, જે યોગ કે અમુક પ્રકારની શારીરિક કસરત કર્યા બરાબર જ છે.

તેથી હવે પછી જ્યારે તમે કોઈને મદદ કરવા માટે પરિસ્થિતિનો સામનો કરો છો, ત્યારે તમે જાણો છો કે તમારે શું પસંદ કરવાની જરૂર છે! છેવટે તો , (એવું કહી શકાય કે )**કોઈનું ભલું કરવું એ જ માત્ર સુપરહીરોનું કાર્ય (વસ્તુ) નથી.**


જો તમને પણ આવાં કોઈ ભલાઈના કૃત્યો જોવા મળ્યાં હોય અથવા તો તમે કંઈક સારું કર્યું હોય, તો કૃપા કરીને તેને info@dsppl.in પર ઇમેઇલ કરો અથવા +918197056644 નંબરથી WhatsApp પર શેર કરો.

ગુજરાતી અનુવાદ: હરેશભાઇ શુક્લ, અમદાવાદ




તમે જાણતા હશો કે હિંદુ સંસ્કૃતિમાં સ્વસ્તિક (સાથિયો) ખૂબ જ પવિત્ર અને ધાર્મિક પ્રતીક માનવામાં આવે છે. તમે બધાએ તમારા જીવનમાં કોઈને કોઈ સમયે વિચાર્યું જ હશે કે આ આકૃતિ ક્યાંથી આવી. જો આપણે એક અદ્ભુત ખગોળીય (આકાશી) ઘટના જોઈએ તો સંભવતઃ આપણે તેના વિશે થોડો ખ્યાલ મેળવી શકીએ.

શું તમે જાણો છો કે તારાઓની એક બાહ્ય આકૃતિ છે જેને સામાન્ય રીતે અહીં ભારતમાં સપ્તર્ષિ તરીકે ઓળખવામાં આવે છે? પશ્ચિમી સંસ્કૃતિમાં તેને ગ્રેટ બેર અથવા બિગ ડીપર તરીકે ઓળખવામાં આવે છે. તે મૂળભૂત રીતે સાત તારાઓનું સંયોજન (જૂથ) છે. ભારતીય સંસ્કૃતિમાં આ સાત તારાઓને સાત ઋષિનાં નામ આપવામાં આવ્યાં છે, જેઓ ભગવાન બ્રહ્માના માર્ગદર્શન હેઠળ આ સૃષ્ટિના સર્જક હતા. તેઓ એટલે કે. મારીચિ, વશિષ્ઠ, અંગીરસ, અત્રિ, પુલસ્ત્ય, પુલાહા અને ક્રતુ. તમે નીચે આપેલ આકૃતિમાં આ જોઈ શકો છો. પુલાહા અને ક્રતુ તારાઓ વચ્ચેનું અંતર જો સીધી રેખામાં પાંચગણું વિસ્તારવામાં આવે, તો તમે નોર્થ સ્ટાર - ઉત્તર તારો (ભારતીય સંદર્ભમાં ધ્રુવ તારા તરીકે ઓળખાય છે) જોઈ શકો છો. આ એકમાત્ર તારો છે જે આકાશમાં સતત એક જ સ્થાને રહે છે (જોવા મળે છે) અને તે મુસાફરીમાં દિશા ભૂલી ગયેલા બધા મુસાફરોને માર્ગદર્શન આપે છે. તે આકાશમાં દીવાદાંડી સમાન છે.





વસંતઋતુમાં ગ્રેટ બેરની બાહ્ય આકૃતિ સામાન્ય રીતે ( યોગાસનમાં ) પેટ નીચે રહે તે રીતે ઊંધા સૂવું (prone position) તે સ્થિતિ જેવી હોય છે. તેને એક પ્રકારનું ભુજંગાસન પણ કહી શકાય. જ્યારે સમયનું ચક્ર શિયાળા (શિશિર રૂતુ)માં બદલાય છે ત્યારે એ જ બાહ્ય આકૃતિ

ઊભા હોઇએ એ સ્થિતિમાં દેખાય છે. શરદ ઋતુમાં આ જ આકૃતિ  જાણે કે  પ્રશ્ન ચિહ્ન પોતાની પીઠ પર આરામ ન ફરમાવતું હોય (ચત્તા સૂતેલા હોવું - supine position )તેવી  સ્થિતિમાં દેખાય છે અને આરામ કરે છે (શવાસન) જ્યાં સુધી આપણે પહોંચીએ છીએ ઉનાળો (ગ્રીષ્મા) ઋતુ, રૂપરેખા એવું લાગે છે કે તે શીર્ષાસન (માથા પર સંતુલન) કરી રહ્યું છે. જ્યારે આ ચારેય સ્થિતિ ઉત્તર નક્ષત્ર સાથે જોડાયેલ હોય ત્યારે જે ઉદ્ભવે છે તે સ્વસ્તિક છે. શું તમને નથી લાગતું કે આ અદ્ભુત છે? વિચિત્ર છે કુદરતની રીત.

ગુજરાતી અનુવાદ: હરેશભાઇ શુક્લ, અમદાવાદ



# Our Solar System



**ACROSS**
1. Planet named after the Roman goddess of love and beauty
3. Our solar system is part of this galaxy
6. Nicknamed "the red planet"
7. Third largest planet in our solar system
11. Now called a dwarf planet
12. Covers 70 percent of the Earth's surface
13. Largest planet in our solar system
14. Planet closest to the sun

**DOWN**
2. A star and the planets orbiting around it
4. Layer of gas that surrounds a planet
5. Planet named after the roman god of agriculture
8. Planet furthest from the sun
9. Closest star to Earth
10. Force that keeps a planet moving in orbit

© puzzles-to-print.com




સાચા જવાબો
1 B - દ્રોણાચાર્ય ; 2 C - ગુરુ વ્યાસ; 3 D - સમરીશ;
4 A - અષાઢ; 5 - B ઋષિ વશિષ્ઠ અને ઋષિ સાંદીપની

## સંપર્કમાં રહો! અને તમારા
## ક્રોસવર્ડ જવાબો, સૂચનો અને પ્રતિસાદ અહીં મોકલો:

info@dsppl.in અથવા +918197056644 પર Whatsapp કરો

Copyrights © Devrukh Spiritual Prowess Private Limited